# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com

રેફ નં. તા: ૦૩–૧૦–૨૦૦૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ટેક્ષ્ટાઈલ માર્કેટોની પાર્કિંગ તથા ટ્રાફીકની સમસ્યા અંગે ચેમ્બરમાં ચર્ચા યોજાઈ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ખાતે આજ રોજ સુરત મહાનગર પાલિકા, પોલિસ ટ્રાફીક ડીપાર્ટમેન્ટ, ફોસ્ટા, ટેમ્પો એસોસીએશન ના સંયુકત ઉપક્રમે ટેક્ષ્ટાઈલ માર્કેટ એરીયામાં પાર્કિંગ અને ટ્રાફીકના પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવા માટે એક બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ બેઠકમાં ચેમ્બરના પ્રમુખ શ્રી નિલેશ વી. માંડલેવાળાએ સભ્યોને આવકારતા જણાવ્યું હતું કે, ગત માસમા કોર્પોરેશનમાં પાર્કિંગ ની સમસ્યા અંગે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતુ અને તેમાં વિગતવાર ચર્ચા વિચારણા થઈ હતી, જે સંદર્ભમાં આ મિટિંગનું આયોજન કરવામાં આવ્યુ છે. રિંગ રોડ વિસ્તારમાં લગભગ ૧૨૦ થી વધુ માર્કેટ અને ૪૦ હજારથી વધુ દુકાનો આવેલી છે ત્યારે પાર્કિંગની જટીલ સમસ્યા છે તેનુ નિરાકરણ લાવવુ જરૂરી છે. આ માટે ઉપસ્થિત સભ્યો ખુલ્લા મનથી ચર્ચા વિચારણા કરી કંઈક નકકર પરિણામ લાવી શકીએ તો આજની બેઠક ફળીભુત થઈ ગણાશે. વધુમાં તેઓએ જણાવ્યુ હતું કે, દરેક માર્કેટ જો પોતે ત્રણ થી ચાર સભ્યોની નિમણુક કરે જેને પ્રશાસન ટી.આર.બી.(ટ્રાફીક બ્રિગેડ) ની ટ્રેઈનીગ આપે, તેનાથી તેઓ પોતાના વિસ્તારની ટ્રાફીકને કન્ટ્રોલ કરી શકે.

ફોસ્ટાના પ્રતિનિધિઓએ જણાવ્યુ હતુ કે, એસ.એમ.સી, પોલિસ ડીપાર્ટમેન્ટ અને ચેમ્બર આ પ્રશ્ન માટે સાથે વિચારે છે તે ખરેખર સરાહનીય છે. આ માટે જો શકય હોય તો મહાનગર પાલિકા આધુનિક મલ્ટી લેયર પાર્કિંગની સુવિધા પુરી પાડે તેમજ ટ્રાફીક કન્ટ્રોલ કરવા માટે પાર્કિંગ માટે પીળા પટ્ટાની વ્યવસ્થા, રિંગ રોડ પરના અમુક વિસ્તારોને રેડઝોન બનાવવા વિગેરે સુચનો કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત પબ્લીક ટ્રાન્સપોર્ટેશની સુવિધા લોકો વધુને વધુ ઉપયોગ કરે તે માટે જાગૃતિ કેળવવા પર ભાર મુકયો હતો.

એસ.એમ. સી. તથા પોલિસ ડીપાર્ટમેન્ટ તરફથી એવુ સુચન કરવામાં આવ્યુ હતુ કે, વેપારીઓ, ટેમ્પો એસોસીએશનો સંયુકત રીતે આ પ્રશ્નોના નિરાકરણ લાવે, માર્કેટોનો ટાઈમીગ બાબતે પણ જો વિચારણા કરવામાં આવે, તેમજ માર્કેટના વેપારીઓ પોતાનુ વાહન જે રોડ ઉપર પાર્ક કરે છે તે યોગ્ય જગ્યાએ પાર્ક કરે આ ઉપરાંત અન્ય કોઈ સુચનો હોય તે માટે પ્રશાસન તેમને કઈરીતે મદદરૂપ થઈ શકે તે જણાવે તો આ પ્રશ્નોનુ સુવ્યવસ્થિત રીતે નિરાકરણ લાવી શકાય.

સભામાં એસ.એમ.સી.ના ડે. કમિશ્નર શ્રી પી.જે. ઝાલા, ઝોનલ ઓફીસર શ્રી ભરત શાહ, ડે. પોલિસ કમિશ્નર શ્રી ડી.આર. પટેલ, આસિ. પોલિસ કમિશ્નર અને સ્પે. બ્રાન્ચ એ.સી.પી. શ્રી ચૌહાણ, ટ્રાફીક પી.આઈ. શ્રી પરમાર, પી.આઈ. શ્રી જાડેજા, ફોસ્ટાના શ્રી દેવકિશન મંગાણી, શ્રી તારાચંદ કાસત, શ્રી મહેશ માલપાની, ટેમ્પો એસોસીએશનના શ્રી હરીશ દાવલે તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહયા હતા.